બારડોલી-પલસાણામાં 7 ઈંચ વરસાદથી જળબંબાકાર

બારડોલીમાં કોર્ટ સામેની વસાહતનાં અનેક ઘરો પાણીમાં ગરકાવ, લોકોનું સ્થળાંતર કરાયું

બારડોલીમાં શાળાઓમાં રજા જાહેર કરાઈ, સુગર ફેક્ટરીના ગરનાળામાં કાર ફસાઈ

બલેશ્વર ગામની બત્રીસગંગા ખાડીનું જળસ્તર વધતાં ગામ બેટમાં ફેરવાઈ ગયું

બારડોલી, પલસાણા: બારડોલી-પલસાણામાં 7 ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાતાં સમગ્ર પંથકમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. બારડોલીમાં મંગળવારે સાંજે 6 વાગ્યાથી બુધવારે સાંજે 6 વાગ્યા સુધીના 24 કલાકમાં કુલ 174 મીમી વરસાદ નોંધાયો છે, જેની સાથે મોસમનો કુલ વરસાદ 1221 મીમી પર પહોંચી ગયો છે. બુધવારે સવારે 6 થી સાંજે 6 વાગ્યા સુધીના 12 કલાકમાં જ 131 મીમી વરસાદ ખાબકતાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. તંત્ર દ્વારા સાવચેતીના પગલારૂપે સવાર અને બપોરની પાળીની શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી હતી.

ઉપરવાસમાં સોનગઢ વિસ્તારમાં પડેલા મુસળધાર વરસાદને કારણે મીંઢોળા નદીની જળસપાટીમાં ભયજનક વધારો થયો છે. નદીના પાણી બારડોલીના તલાવડી વિસ્તાર અને કોર્ટ સામેની વસાહતનાં અનેક ઘરો પાણીમાં ગરકાવ થઈ ગયાં હતાં, જેના લીધે લોકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. વોર્ડ નંબર 6 સહિતના નીચાણવાળા વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાયા હતા. આ ઉપરાંત, બારડોલી સુગર ફેક્ટરી પાસે આવેલું ગરનાળું પાણીમાં ડૂબી જતાં એક કાર ત્યાં ફસાઈ ગઈ હતી, જેને સ્થાનિક લોકોએ બહાર કાઢી હતી. બારડોલી નગરપાલિકાના નદી પાર ટેકરા વિસ્તાર ચાંદ પીર દરગાહ સામે બારડોલી ફાયર ટીમ અને નગરપાલિકા ટીમ દ્વારા જમવાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પલસાણામાં ૭ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે, જ્યારે બુધવારે સવારે ૮થી ૧૦ વાગ્યાના બે કલાકમાં જ ૩ ઈંચ વરસાદ પડતાં સમગ્ર તાલુકો જળબંબાકાર થઈ ગયો હતો. વરસાદને લીધે ૫ માર્ગો વાહનવ્યવહાર માટે બંધ કરાયા હતા. જેથી ગ્રામજનો અને એસ.ટી. બસના મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

રસ્તા બંધ થતાં લોકોને રથી ૧૦ કિમીનો લાંબો ચકરાવો લેવો પડી રહ્યો છે. ને.હા.૪૮ને જોડતો બલેશ્વર એપ્રોચ રોડ બંધ થતાં ૩ કિમી, અંભેટી-વાઘેચ રોડ, પારડી પાટા-અંભેટી-કુચેડ રોડ તેમજ ધોળાપીપળા-પેરા-સરભોણ-વાઘેચ રોડ બંધ થવાથી ૧૦ કિમીનો વૈકલ્પિક માર્ગ અપનાવવો પડે છે. આ ઉપરાંત એના-વિનઝોલિયા રોડ (૫ કિમી), તૂંડી-દસ્તાન-એના-કારેલી મોટા રોડ (૬ કિમી) તેમજ બગુમરા-બલેશ્વર અને કરણ-સાંકી રોડ બંધ રહેતાં આશરે ૧૦ કિમીનો વધારાનો ફેરાવો કરવો પડે છે. બલેશ્વર ગામની બત્રીસગંગા ખાડીનું જળસ્તર વધતાં ગામ બેટમાં ફેરવાઈ ગયું છે.

કડોદરા ચાર રસ્તા અને નેશનલ હાઈવે જળતરબોળ, પોલીસ ચોકી સહિત હોટલો પાણીમાં ગરકાવ

ઈલ્યાસ શેખ

પલસાણા: ભારે વરસાદથી કડોદરા ચાર રસ્તા અને નેશનલ હાઈવે નં.૪૮ પર ભારે પાણી ભરાયા છે. વરસાદી પાણી ઘૂસી જતાં કડોદરા પોલીસ ચોકી, ચામુંડા હોટલ અને આસપાસની દુકાનો પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. ચામુંડા હોટલમાં વાસણો પાણીમાં તરતા જોવા મળ્યાં હતાં. હાઈવે પર પાણી ભરાવાના કારણે આશરે ૨ કિલોમીટર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. પાણીમાં અનેક બાઇક્સ અને રિક્ષાઓ બંધ પડી જતાં વાહનચાલકો વાહનો ધકેલવા મજબૂર બન્યા હતા. બનાવની જાણ થતાં કડોદરા નગરપાલિકાની ટીમે સ્થળ પર પહોંચી સ્થિતિની સમીક્ષા કરી હતી. સુરત જિલ્લા સંગઠનના મહામંત્રી અંકુર દેસાઈ પણ જ્યાં પાણી ભરાયા હતા તે વિસ્તારની મુલાકાત લઈ પાણીના નિકાલ અંગે પ્રમુખ અને ચીફ ઓફિસરને સાથે રાખી ઘણી જગ્યાએ પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો

મહુવામાં 5 ઇંચ વરસાદથી ખાનાખરાબી

અનાવલ, ભોરિયા: મહુવામાં સાંજ સુધીમાં સાર્વત્રિક ૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. નળધરા ગામે બે રસ્તા પાણીમાં ગરક થયા છે. તો મહુવા-અનાવલ સ્ટેટ હાઇવે પર આવેલા કાછલ તેમજ કરચેલિયા ગામ પાસે મુખ્ય માર્ગ પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. રસ્તા પર પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર માટે ભારે મુશ્કેલી સર્જાઈ હતી. પાણી ભરાયેલા માર્ગો પર બેરિકેટ્સ લગાવીને રસ્તો વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે. મહુવા અને અંબિકા તાલુકામાં ભારે વરસાદથી વાહનવ્યવહાર પર અસર થઈ છે. પાકને નુકસાન થવા સાથે પશુપાલકો પણ પશુઓની સુરક્ષા માટે સાવચેતી રાખી રહ્યા છે.

ઇસરોલીના મારુતિધામ-1માં ઘરમાં સાપ ઘૂસ્યો

બારડોલી: બારડોલીના ઇસરોલી ગામે આવેલી મારુતિધામ-1 સોસાયટીમાં ગ્રામ પંચાયતની ઘોર ઉપેક્ષા સામે આવી છે. યોગ્ય નિકાલના અભાવે વરસાદી પાણી અને ગટરના ગંદા પાણી ભેગા થઈ જતાં સોસાયટીમાં ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. પાણી ભરાવાને કારણે લોકોના ઘરોમાં સાપ ઘૂસી જવાની ઘટના પણ બની હતી, જેને પાછળથી રેસ્ક્યુ કરી લેવાયો હતો.

વ્યારા-વાલોડ-ઉકાઈમાં 5-5 ઈંચ વરસાદ

સોનગઢ

સોનગઢ અને ડોલવણ તાલુકામાં 4-4 ઈંચ વરસાદ વરસ્યો

વ્યારા, સોનગઢ: તાપી જિલ્લામાં મેઘરાજા મહેરબાન થતાં ગતરોજ ચોથા દિવસે જિલ્લામાં સાર્વત્રિક વરસાદી માહોલ જોવા મળ્યો હતો, જેમાં વ્યારા અને વાલોડ તાલુકામાં 5.3 ઈંચ અને ઉકાઈ તાલુકામાં 5.2 ઈંચ વરસાદ પડ્યો હતો. જ્યારે સોનગઢ અને ડોલવણ તાલુકામાં 4.3 ઈંચ વરસાદ વરસ્યો હતો. ઉપરાંત જિલ્લાના છેવાડાના અત્યાર સુધી કોરાકટ રહેલા ઉચ્છલમાં 1.7, નિઝરમાં 1.3 અને કુકરમુંડા તાલુકામાં 1.1 ઈંચ વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં વરસાદી માહોલ વચ્ચે અંબિકા, પૂર્ણા, વ્યારાની મીંઢોળા, ઝાંખરી સહિતની નદીઓ બે કાંઠે વહેતી થઈ હતી. સતત ચોથા દિવસે વરસાદને કારણે જિલ્લામાં જિલ્લા પંચાયત હસ્તકના 58 જેટલાં રસ્તા પ્રભાવિત થયા હતાં.

સોનગઢમાં અને ઉકાઈમાં વરસાદથી કેટલાક મુખ્ય માર્ગો પ્રભાવિત થયા છે. માંડળ જાગૃતિ હાઈસ્કૂલ રોડ માટે માંડળ-ખાંભલા રોડ, અગાસવાણ-બેડી આમલી-બેડવાણ-ભેંસરોટ-ઉખલદા રોડ માટે આમલીપાડા-ઉખલદા-ધજંબા-વેળુર રોડ, જ્યારે સિસોર એપ્રોચ રોડ માટે પાંચપીપળા-ઘાસિયામેઢા રોડનો ઉપયોગ કરવા સૂચના અપાઈ છે. ઉપરાંત માંડળ-ખાંભલા રોડના વિકલ્પ તરીકે કિકાફઈ-નિશાણા રોડ, બેડી નવચૌડી ફળિયા રોડ માટે સ્થાનિક વૈકલ્પિક માર્ગ, વાઘનેરા-જમાપુર રોડ માટે સોનગઢ-વાઘનેરા-બોરીસાવર રોડ તેમજ આમલીપાડા-ઉખલદા-ધજંબા-વેળુર રોડના વિકલ્પ તરીકે વ્યારા-ખેરવાડા રોડ જાહેર કરવામાં આવ્યો છે.

તાપી જિલ્લામાં ક્યાં કેટલો વરસાદ

વ્યારા	5.3 ઈંચ
વાલોડ	5.3 ઈંચ
ઉકાઈ	5.2 ઈંચ
સોનગઢ	4.3 ઈંચ
ડોલવણ	4.3 ઈંચ
ઉચ્છલ	1.7 ઈંચ
નિઝર	1.3 ઈંચ
કુકરમુંડા	1.1 ઈંચ

ડોલવણના ધામણદેવી ગામમાં ચેકડેમમાં તણાતાં આધેડનું મોત

વ્યારા: ડોલવણના ધામણદેવીમાં 59 વર્ષીય આધેડનું ચેકડેમમાં તણાઈ જતાં મોત નીપજ્યું હતું. ગત તા.21-7-2026ના રોજ ધામણદેવીમાં ગોચર ફળિયામાં કોતરના ચેકડેમમાં સુમનભાઈ મગનભાઈ ભીલ (ઉ.વ.59) (મૂળ રહે.,કાટકુઈ, તા.વ્યારા, હાલ રહે.,ગારવણ, ડુંગરી ફળિયું, તા.ડોલવણ) તણાઈ ગયો હતો. જેનો મૃતદેહ ભારે શોધખોળ બાદ ગતરોજ ધામણદેવીમાં ભીલ ફળિયામાંથી પસાર થતાં કોતરના પાણીમાં મળી આવ્યો હતો.

ઉચ્છલના ટોકરવા પાસે બસ અને ટ્રક રોડની સાઈડમાં કાદવમાં ફસાયા

વ્યારા: ઉચ્છલ તાલુકાના ટોકરવા ગામ નજીક ઉચ્છલ-નિઝર હાઇવે પર ટોકરવા ગામની સીમમાં ગતરોજ બીજા દિવસે ફરી એક ખાનગી બસ અને ટ્રક કાદવમાં ફસાઈ જતાં વાહન વ્યવહાર ખોરવાયો હતો.

વ્યારાના બેડકૂવાદૂર ગામે ખેતરમાં વરસાદના પાણીમાં ડૂબી જવાથી આધેડનું મોત

વ્યારા: વ્યારાના બેડકૂવાદૂર ગામના ડુંગળી ફળિયામાં રહેતા 58 વર્ષીય જીવણભાઈ ભીમસિંગભાઈ ચૌધરી ગત તા.18-7-2026ના રોજ રાત્રિના 10 વાગ્યા બાદ ઘરમાંથી અચાનક ગુમ થયા બાદ ભારે શોધખોળ બાદ ગઇ તા.21-7-2026ના રોજ સાંજે 5 વાગ્યાના અરસામાં અજયભાઈ ગિરીશભાઈ ચૌધરીના ખેતરમાંથી ડીકમ્પોઝ હાલતમાં તેમની લાશ મળી હતી.

માંડવીનો કેવડી ડેમ ૮૨ ટકા ભરાતાં 'એલર્ટ સ્ટેજ' જાહેર

મોરણ નદી કિનારાનાં કેવડી, જેતપુર, કાણાઘાટ, ગાંગપુર અને પીપલવાડા સહિત ૫ ગામને સાવચેત રહેવા અપીલ

માંડવી: માંડવી તાલુકાની નાની સિંચાઈ યોજનાના કેવડી ડેમ વિસ્તાર સહિત ઉપરવાસમાં પડી રહેલા ભારે વરસાદને પગલે ડેમના જળસ્તરમાં નોંધપાત્ર આવક થઈ રહી છે. કેવડી નાની સિંચાઈ યોજનાના ડેમની પૂર્ણ સપાટી ૭૪.૨૨ મીટર (૨૪૩.૦૦ ફૂટ) છે. તા.૨૨મી જુલાઈ ૨૦૨૬ના સવારે ૧૧:૦૦ કલાકે ડેમની સપાટી ૭૪.૧૭ મીટર (૨૪૦.૦૦ ફૂટ) પર પહોંચી છે. આ સાથે જ ડેમમાં તેની કુલ સંગ્રહશક્તિના ૮૨.૦૦ ટકા જેટલો પાણીનો ભરાઈ ચૂક્યો હોવાથી તંત્ર દ્વારા ડેમને 'એલર્ટ સ્ટેજ' પર મુકવામાં આવ્યો છે. જો આગામી સમયમાં યોજનાના કેચમેન્ટ વિસ્તારમાં વધુ વરસાદ થશે, તો ડેમ સંપૂર્ણપણે ભરાઈ જશે અને વધારાનું પાણી ડેમના વેસ્ટવિયર પરથી ઓવરફ્લો થઈને મોરણ ખાડી/નદીમાં વહેવા લાગશે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સુરત જિલ્લા વહીવટી તંત્ર એલર્ટ છે. કેવડી નાની સિંચાઈ યોજનાના નીચાણવાળા વિસ્તારમાં આવતા મોરણ નદીના કિનારાનાં ગામો જેવા કે કેવડી, જેતપુર, કાણાઘાટ, ગાંગપુર અને પીપલવાડાના ગ્રામજનોને સાવચેતી રાખવા તેમજ નદી કે ખાડી કિનારાના વિસ્તારોથી દૂર રહેવા માટે વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. સંબંધિત વિભાગોને પણ આ તમામ વિસ્તારોમાં સુરક્ષા અને સાવચેતીનાં જરૂરી પગલાં લેવા માટે સૂચનાઓ જારી કરી દેવામાં આવી છે એમ પંચાયત સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર ડી.આર.પટેલની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

માંડવી તાલુકાનો ગોડધા ડેમ ઓવરફ્લો, વીરા નદી બે કાંઠે, મુખ્ય માર્ગ બંધ

માંડવી: માંડવીમાં ધોધમાર વરસાદને પગલે ગોડધા ડેમ ઓવરફ્લો થઈ ગયો છે. ડેમમાંથી પાણી છોડાતા અને સાર્વત્રિક વરસાદને કારણે વીરા નદી બંને કાંઠે છલકાઈને વહેતી થઈ છે, જેના પગલે નદી પરનો મુખ્ય રસ્તો પાણીમાં ગરકાવ થતાં વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો છે. રસ્તો બંધ થવાના કારણે ગરમા ડુંગરી ફળિયાનો મુખ્ય સંપર્ક માર્ગ તૂટી જતાં ગ્રામજનો અને વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. પોતાના નિત્યક્રમ અને ગંતવ્ય સ્થાને પહોંચવા માટે હાલ ગ્રામજનોને ૨ કિલોમીટર જેટલો લાંબો ચકરાવો કાપવાની મજબૂરી ઊભી થઈ છે.

માંગરોળ પંથકમાં સતત ત્રીજા દિવસે પણ મેઘમહેર

ઈબ્રાહીમ કાનુ

હથોડા: માંગરોળ પંથકના તરસાડી, કોસંબા, હથોડા, કોસંબા, તરસાડી, કુંવારદા, કઠવાડા, હથુરણ, વેલાછા, મોટી નરોલી, મોટા બોરસરા, પાનસરા, કોઠવા, પાલોદ, પીપોદરા વગેરે વિસ્તારના ગામડામાં તેમજ આસપાસના પંથકમાં હેલીનો માહોલ જોવા મળ્યો હતો. જેથી ખેડૂતો ખુશ છે. તો કેટલાક નિચાણ ધરાવતા વિસ્તારમાં પાણીના નિકાલના અભાવે વરસાદી પાણી ભરાતાં લોકોને પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. ખાસ કરીને કીમ ચાર રસ્તા વિસ્તારમાં ગટરો નાની પડતાં અને પાણીનો મારો વધારે રહેતાં સામાન્ય વરસાદ પડે તો પણ પાણીના ભરાવાથી કેટલાંક શોપિંગ સેન્ટરનાં પટાંગણમાં બેથી ત્રણ ફૂટ જેટલા પાણી ભરાતાં દુકાનદારો તેમજ આમ જનતા ત્રાહિમામ પોકારી ઊઠે છે.

કામરેજમાં બે ઈંચ પાણી પડ્યું

વિશાલ પટેલ

કામરેજ: ચોમાસાની સિસ્ટમ સક્રિય થતાં દક્ષિણ ગુજરાત સહિત રાજ્યભરમાં છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો છે, જેમાં બુધવારે કામરેજ તાલુકામાં આખા દિવસમાં 50 મીમી એટલે કે બે ઈંચ વરસાદ વરસ્યો હતો.

જેને લઈ કામરેજ તાલુકામાં વાવ પાસોદરા રોડ પર ખાડી કિનારે આવેલા શ્રી ફાર્મ હાઉસની દીવાલ તૂટી પડી હતી. ટીંબા ગામે ભારે વરસાદને લઈને આશ્રમ શાળાના ગેટની બહાર આવેલા વડનું ઝાડ પણ તૂટી પડ્યું હતું. જો કે, સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી. નનસાડ ગામે ધર્મનંદન બંગલોથી શરણમ બંગલો જતાં મુખ્ય રોડ પર મોટો ભૂવો પડ્યો હતો.

ઝઘડિયામાં બે ઈંચ વરસાદ ત્રણ ડેમમાં પાણીનો વધારો

ભરૂચ: ભરૂચ જિલ્લામાં સતત બીજા દિવસે પણ મેઘરાજાએ વર્ષાનાં વધામણા કરાવતાં આખો દિવસ વાદળછાયા વાતાવરણનો માહોલ સર્જાયો હતો. બુધવારે હવામાન ખાતા દ્વારા ત્રણ કલાક માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું હતું, જેના કારણે તંત્ર પણ સતર્ક થઈ ગયું છે.

છેલ્લા 24 કલાક દરમિયાન ઝઘડિયા તાલુકામાં બે ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. તો હાંસોટમાં 15 મીમી, વાલિયામાં 14 મીમી, નેત્રંગમાં 14 મીમી, વાગરામાં 13 મીમી, આમોદમાં 7 મીમી, ભરૂચમાં 6 મીમી, અંકલેશ્વરમાં 6 મીમી અને જંબુસરમાં 5 મીમી પાણી પડ્યું હતું. બે દિવસના વરસાદ બાદ જિલ્લાના ત્રણ મુખ્ય ડેમોમાં પાણીનો નોંધપાત્ર વધારો થયો છે, જેમાં પીંગુટ ડેમની સપાટી 134 મીટર, સંગ્રહ 19.14 ટકા, બલદેવા ડેમની સપાટી 136.55 મીટર, સંગ્રહ 27.97 ટકા અને ધોલી ડેમની સપાટી 133.70 મીટર, સંગ્રહ 73.11 ટકા ભરાયેલું છે.

ઈલાવ-સાહોલ રોડ પર વૃક્ષ નમી પડતાં વાહન વ્યવહાર પ્રભાવિત

અંકલેશ્વર: અંકલેશ્વર અને હાંસોટ પંથકમાં વરસાદથી જનજીવન પ્રભાવિત થયું છે. હાંસોટ તાલુકાના ઈલાવ-સાહોલ રોડ પર એક ઘટાદાર વૃક્ષ રોડ પર નમી પડતાં વાહન વ્યવહારને અસર પહોંચી હતી. વૃક્ષ રોડ પર આવી જતાં થોડા સમય માટે વાહનોની અવરજવર ખોરવાઈ હતી અને વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

Milano MULTIPLEX
બારડોલી
Dhamaal 4
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
The Odyssey
11:00am
Jan Neta
02:30pm, 06:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

જાહેર નોટીસ

મેં. ભરૂચના (મામલતદાર) સાહેબ (ગ્રામ્ય)ની કોર્ટમાં.

અરજદાર :- પટેલ યાકુબ ઈબ્રાહીમ રહે.વાડી સ્ટ્રીટ,પરીએજ, તા.જી.ભરૂચ

કમાંક:- જન્મ-મરણ નોંધણી અપીલ નં.૧૨૩/૨૦૨૬

સામાવાળા :- જન્મ-મરણ અધિકારીશ્રી,પરીએજ ગ્રામ પંચાયત,પરીએજ,તા.જી.ભરૂચ.

આથી જાહેર જનતાને આ નોટીસ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારશ્રીની પુત્રી નામે હફીજાબહેન યાકુબ પટેલ નો જન્મ તા. ૦૧/૦૬/૧૯૮૧ નાં રોજ મુ.પો.પરીએજ,તા.જી.ભરૂચ મુકામે થયેલો.તેમના જન્મના દાખલાણી માંગણી કરતાં પરીએજ ગ્રામ પંચાયતે જણાવેલ કે તેમના જન્મની નોંધણી થયેલ નથી. જેથી અરજદારે જન્મની નોંધ જન્મ-મરણ અધિકારીશ્રી,પરીએજ ગ્રામ પંચાયતના જન્મ રજીસ્ટરમાં ઉપરોક્ત જન્મની નોંધણી કરે તેવો હુકમ મેળવવા અરજી કરેલ છે, જેની સામે કોઈ ઈસમને વાંધો હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં મેં. ભરૂચના (મામલતદાર) સાહેબ(ગ્રામ્ય) ની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. અન્યથા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.

મારી મારફત, શાહીના આઈ. પટેલ

જાહેર નોટિસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટિસ આપી જણાવવાનું કે, અમો અસીલ રાકેશભાઈ ખંડુભાઈ સુર્યવંશી રહે, નિઝર.તા.નિઝર.જી.તાપીના વતી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે '' મારા પુત્રી નામે લક્ષ્મીબેન રાકેશભાઈ સૂર્યવંશી'' વતી તા, ૧૪/૦૭/૨૦૨૬ના રોજ અમો અસીલના વાલીપણા માથી કોઇપણ જાણ કર્યા વગર કામનાથ મહાદેવ મંદિર ત્રણ પાનના વડ પાસે એ.કે. રોડ સુરત ખાતે મનિષભાઇ નારાયણભાઈ ગુલાલે રહે, ૧૪૪ જય લક્ષ્મી નગર આસ-પાસ મંદિર પાસે ગોડાદરા સુરતની સાથે અમો અસીલ કે તેઓના પરિવાર જાણ કર્યા વગર લગ્ન કરી લીધેલ છે. તેથી આ જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે. કે અમો અસીલના પુત્રી લક્ષ્મીબેન રાકેશભાઇ સૂર્યવંશી સાથે અમારો કોઈપણ જાતનો સંબંધ રહે નથી. તેથી અમારા અસીલના પુત્રી સાથે કોઈપણ વ્યકિતએ કંઈપણ પ્રકારનો વ્યહાર કરવાનું રહશે નહીં. તેમજ કોઈપણ પ્રકારની લેવળ-દેવળ કરવાની રહેશે નહી. અને જો કોઇપણ વ્યકિત વતી વ્યાહાર કરે તો તેની જવાબદારી અમારા અસીલની રહશે નહી. તેમજ આજ દીન પછી અમો અસીલનું આ લક્ષ્મીબેન રાકેશભાઈ સુર્યવંશી સાથે કોઇપણ પ્રકારની સંબંધ રહશે નહી. કે અમારી સ્થાવર કે જંગમ મિલકતમાં તેનો લાગ-ભાગ રહશે નહી. જે આ જાહેર નોટીસ થી જાહેર કરીએ છીએ. જે લાગતા વળગતા તમામ ને જાણ થાય.

દિલવરભાઈ જીર્યાભાઈ ઠાકરે (એડવોકેટ એન્ડ નોટરી)
તે રાકેશભાઈ ખંડુભાઈ સુર્યવંશી ના એડવોકેટ
ઓફિસ નંબર : ગુરુકૃપા કોમ્પલેક્ષ મેઇન રોડ નિઝર,તા.નિઝર, જી, તાપી મો. ૯૯૦૯૨૦૭૦૦૫

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વોને આ જાહેર નોટીસથી જણાવવાનુ કે ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ/સિટી સરવે ઓફીસ માંગરોલ/ઓલપાડ ના મોજે ગામ/વોર્ડ લીંબાડા (બીનખેતી)ની સીમમાં સીટી સરવે નં. NA૫૧/અ, શીટ નં. NA૯૯ થી નોંધાયેલ રહેણાંક હેતુ સારૂ બિનખેતી થયેલ જમીન કે જેનું ક્ષેત્રફળ ૪૯૮૧૩ ચો.મી. છે તે મિલકતના માલીક વિજયકુમાર ધનસુખભાઇ પટેલ નાઓએ ચોખ્ખા તેમજ ટાઇટલ ક્લીયર, બોજામુક્ત તથા તેમની સ્વતંત્ર માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં ચાલી આવેલ હોવાનુ જણાવી મારા અસીલ (૧) રાખોલીયા અશ્વિનભાઇ રવજીભાઇ (૨) મુંગરા નરેન્દ્રકુમાર ધનજીભાઇ, (૩) પોકળ નરેન્દ્રભાઇ નાથાભાઇ, (૪) ચંદ્રેશભાઇ ખેની અને (૫) આરફ આલમ અબ્દુલ કેયુમ) નાઓને વેચાણથી આપવા નક્કી કરેલ છે. જેથી સદર જમીનમાં કોઇ વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક્નો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દરદાવો, જપ્તી, લેણુ અગર કોઇનુ સૌદાચીઠ્ઠી, સાટાખત, ખોરાકી, વારસાઇ, હક્કો, ઇજમેન્ટ, રાઇટસ યા અન્ય કોઇપણ પ્રકારના હક્કો, દાવા હોય તો તેણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૦૭ માં લેખીતમાં વિગતવાર પુરાવા સહિત અમોને રૂબરૂમાં જાણ કરવી. તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદર જમીનમાં કોઇના હક્ક-હિત, સંબંધ યા અધિકાર નથી અને હોય તો તે મારા અસીલની તરફેણમાં જતા કર્યા છે યાને ''ધેઇવ'' કરેલા છે. તેમ માની મુદ્દત વીત્યેથી પુરેપુરા વેચાણ અવેજની રકમ ચુકવી મારા અસીલ તેઓના લાભમાં ઉપરોક્ત માલીક પાસેથી મજકુર મિલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તેમજ પાકા લખાણો કરાવી લેશે અને મુદત વિત્યેથી ભવિષ્યમાં કોઇની તર-તકરાર યા વાંધો ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફીસ. સી-૩, સંજર સ્કવેર, કિમ ચાર રસ્તા, પાલોદ, તા. માંગરોળ, જી. સુરત.

મારી મારફતે
આસીફ એ. શેખ.
તે ખરીદનારના
એડવોકેટ મો. ૯૯૭૮૬-૯૨૧૮૩

જાહેર નોટીસ

અમો એડવોકેટ **મનિષકુમાર પી. જોષી અંકલેશ્વરના** તે અમારા અસીલ **ધર્મેન્દ્રસિંહ ગેમલસિંહ ઠાકોર**, હાલ રહે.: ૨૦૪, વિશ્વકર્મા એપાર્ટમેન્ટ, આઈ.સી.આઈ.સી.આઈ. બેંકની પાસે, મુ.પો.: સાયણ, તા. ઓલપાડ, જિ. સુરત મો.નં.: ૯૮૨૫૪૫૭૯૯ નાઓની સુચના અને ફરમાઈશ અન્વયે આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડી. ભરૂચ, સબ ડી. તા.: હાંસોટના મોજે ગામ: અલવાની સીમમાં નીચે મુજબની જુ.શ.ની ખેતીની જમીન આવેલ છે.

ક્રમ	ખાતા નંબર	બ્લોક/સર્વે નં.	ક્ષેત્રફળ હે.આ.ચો.મી.	આકાર રૂા.પૈસા.
૧	૩૪૭	નવો નં.: ૨૧૫, જેનો જુનો નં.: ૯૨	૨-૨૩-૮૮	૧૯.૯૦
૨	૩૫૦	નવો નં.: ૯, જેનો જુનો નં.: ૯૫	૩-૭૬-૪૫	૩૬.૬૫

ઉપરોક્ત ક્રમાંક ૧ વાળી ખેતીની જમીન **મહેશકુમાર ઈશ્વરલાલના** સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની આવેલ છે તથા ઉપરોક્ત ક્રમાંક ૨ વાળી ખેતીની જમીન **(૧) દક્ષ અનિલકાંત ઠાકર અને (૨) પૂર્ણ દક્ષ ઠાકર ના** સંયુકત માલિકી કબજા ભોગવટાની ચાલી આવેલ છે. જે જમીન અમારા અસીલ માલિકો પાસેથી ખરીદ કરનાર હોવાથી, સદર નોટીસથી જણાવવામાં આવે છે કે, સદર જમીન ઉપર જમીન માલિકો સિવાય અન્ય કોઈપણ વ્યક્તિ, મંડળીઓ કે સંસ્થા કે કોઈના પણ કોઈપણ પ્રકારના લાગ, ભાગ, હકક, હીસ્સો, હીત, સંબંધ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં તે અંગેના પુરાવા સાથેની લેખિત જાણ અમોને અથવા અમારા અસીલને કરવી. સદર મુદતમાં તે અંગેની જાણ કરવામાં નહીં આવે તો કોઈના પણ સદર જમીનમાં કોઈપણ પ્રકારના લાગ, ભાગ, હકક, હીસ્સો, હીત, સંબંધ વિગેરે નથી, તેમ માની અથવા તેવા તમામ હકકો સ્વૈચ્છીક રીતે છોડી દીધેલ છે, તેમ માની અમારા અસીલ સદર જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. અને ત્યારબાદ કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં. જેની ખાસ નોંધ લેશો.

અસીલની સુચનાથી
સ્થળ:- અંકલેશ્વર
તા. ૨૩/૦૭/૨૦૨૬

મારી મારફતે,
મનિષકુમાર પી. જોષી (એડવોકેટ અને નોટરી)
૪૦, અમરદિપ સોસાયટી, જી.ઈ.બી.ઓફિસ પાસે, ઓ.એન.જી.સી. ઓવરબ્રીજ નીચે, મુ.પો.:-અંકલેશ્વર, તા.:-અંકલેશ્વર, જિ.:-ભરૂચ-૩૯૩૦૦૧ મો.નં.:-૯૨૬૫૬૫૯૭૩૦